રિવરફ્રન્ટ પર રાજ્યકક્ષાના યોગ દિવસની ઉજવણી

આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી : આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે : માનવતા માટે યોગ થીમ પર કરવામાં આવશે

અમદાવાદ,તા.૨૦

અમદાવાદ સહિત રાજ્યભરમાં આવતીકાલે એટલે કે ૨૧ જૂને યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં આ વર્ષે રાજ્યકક્ષાના યોગ દિવસની ઉજવણી અમદાવાદ ખાતે થશે. અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. આ સાથે રાજ્યભરમાં ૧.૫ કરોડ લોકો યોગ દિવસ ઉજવણીમાં જોડાશે.

યોગ એ સંસ્કૃત શબ્દ છે. પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી એટલે કે યોગ. દર વર્ષે ૨૧ જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનને યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તા. ૨૧મી જૂન, ૨૦૨૨ના રોજ આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે યોગ દિવસની ઉજવણી 'માનવતા માટે યોગ' થીમ પર કરવામાં આવશે. રાજ્યભરમાં ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યભરમાં ૧.૫ કરોડ લોકો યોગ દિવસ ઉજવણીમાં જોડાશે. અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. જેમાં અમદાવાદમાં ઝસ ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ૧૦ હજાર જેટલા નાગરિકો જોડાશે. આ સાથે અમદાવાદમાં ૪૪ ગાર્ડનમાં યોગ દિવસનું આયોજન. ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસણી ઉજવણી કરવામાં આવશે. જેમાં કચ્છ સફેદ રણ ધોરડો ખાતે યોગ કાર્યક્રમમાં વિધાનસભા અધ્યક્ષ ડો.નિમાબેન આચાર્ય ઉપસ્થિત રહેશે. વડોદરામાં મહેસૂલમંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહેશે તો ભાવનગરમાં શિક્ષણમંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહેશે.

આ સાથે મહેસાણામાં જિલ્લાના યોગ કાર્યક્રમમાં ઋષિકેશ પટેલ અને ગાંધીનગર યોગ કાર્યક્રમમાં મંત્રી પૂર્ણેશ મોદી ઉપસ્થિત રહેશે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના વિવિધ યોગા ગ્રુપ્સ દ્વારા બગીચાઓમાં યોગાસનો થઈ રહ્યા છે. ઘ-૪ના બગીચા ખાતે સામુહિક યોગાસનો કરવામાં આવશે. જેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

ગૃહમંત્રી અમિત શાહ ૧લી જુલાઈએ ગુજરાતમાં આવશે

કલોલમાં વિશ્વ મંગળ ગુરુકુળના કાર્યક્રમમાં શાહ હાજરી આપશે : મલ્ટી સ્પેશ્યલિટી હોસ્પિટલનું ખાતમુહુર્ત કરશે

ગાંધીનગર,તા.૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી દિવસોમાં ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વિગતો મુજબ ૩૦ જૂને અમિત શાહ અમદાવાદ આવશે. તાજેતરમાં જ અમિત શાહ ગુજરાત આવ્યા હતા. જે બાદમાં ફરી એકવાર અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવશે. અમિત શાહ અમદાવાદમાં રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથના દર્શન કરશે તો ૧ જુલાઈએ કલોલ સ્થિત સ્વામિનારાયણ યુનિ.નું લોકાર્પણ કરશે.

રાજ્યમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય નેતાઓ ગુજરાતનો પ્રવાસ કરી રહ્યા છે. આ તરફ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી ૩૦ જૂને ગુજરાત આવી રહ્યા છે. તેમના કાર્યક્રમની વાત કરીએ તો અમિત શાહ ૩૦ જૂને રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથના દર્શન કરશે. તો વળી ૧ જુલાઈના રોજ કલોલ સ્થિત સ્વામિનારાયણ યુનિ.નું લોકાર્પણ કરશે.

શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ બનાસકાંઠાની મેમદપૂરા પ્રાથમિક શાળાથી મુખ્યમંત્રી કરાવશે

ગાંધીનગર, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવની ૧૭ મી શૃંખલા આગામી તા. ૨૩ થી ૨૫ જૂન-૨૦૨૨ દરમ્યાન યોજાશે. જે અંતર્ગત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મંત્રી મંડળના સભ્યો, પદાધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બ્રિફીંગ બેઠક યોજાઈ હતી.

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ આ અંગેની વિગતો આપતાં કહ્યું કે, રાજ્યભરની ૩૨,૦૧૩ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવનું આયોજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં થવાનું છે. દર વર્ષે આ અભિયાનમાં રાજ્ય સરકારના IAS, IPS, IFS તેમજ વરિષ્ઠ અધિકારીઓ અને વર્ગ-૧ના અધિકારીઓ, પદાધિકારીઓ, મંત્રીશ્રીઓ રાજ્યભરના ગામે-ગામ જઈને શાળામાં પ્રવેશપાત્ર ભુલકાંઓનો શાળા પ્રવેશ ગામમાં ઉત્સવજનક વાતાવરણમાં કરાવે છે.

શિક્ષણ મંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, આ વર્ષે ૮૪ IAS, 24 IPS અને 15 IFS અધિકારીઓ સહિત વર્ગ-૧ ના ૩૫૬ અધિકારીઓ શાળા પ્રવેશોત્સવના આ શિક્ષણ સેવાયજ્ઞમાં જોડાવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ બનાસકાંઠાના વડગામ તાલુકાની મેમદપૂરા પ્રાથમિક શાળાથી તા.૨૩ જૂન ગુરૂવારે કરાવશે તેમ પણ શિક્ષણ મંત્રીએ ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી શાળા પ્રવેશોત્સવના આ સેવાયજ્ઞના બીજા દિવસે તાપી જિલ્લાના અંતરિયાળ વિસ્તાર નિઝરના રૂમકી તળાવ ગામની પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન કરાવશે.

ગુજરાતમાં ભારે વરસાદ લાવે તેવી ૩ સિસ્ટમ ક્રિએટ : હવામાન વિભાગ

અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં ધીમે-ધીમે ચોમાસું આગળ વધી રહ્યું છે, જોકે, અમદાવાદમાં પણ હજુ વરસાદની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. રવિવારે બફારાના કારણે લોકોના હાલ બેહાલ થઈ ગયા હતા. પરંતુ આજે તથા અઠવાડિયાના આગામી દિવસોમાં અમદાવાદમાં વરસાદ થવાની આગાહી છે. સોમવારે સવારથી વાદળો ઘેરાયા છે અને વરસાદ તૂટી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે વરસાદ લાવે તેવી ત્રણ સિસ્ટમ સક્રિય થઈ છે. જેના લીધે આગામી દિવસોમાં રાજ્યના સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ગુજરાત અને રાજ્યના અન્ય ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા કરાયેલી આગાહી પ્રમાણે અરબી સમુદ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે.

સિદ્ધૂ મૂસેવાલા હત્યાના બે આરોપીની મુંદ્રાથી ધરપકડ

સિંગર સિદ્ધૂ મૂસેવાલા હત્યા કેસમાં પોલીસને સફળતા : ધરપકડ કરાયેલા શૂટર્સમાંથી એક શૂટર્સનું નામ પ્રિયવ્રત ફૌજી છે, ફૌજી હરિયાણાનો એક કુખ્યાત ગેંગસ્ટર છે

અમદાવાદ, તા.૨૦

સિદ્ધુ મૂસેવાસા હત્યાકાંડમાં પોલીસને એક મોટી સફળતા હાથ લાગી છે. મૂસેવાલા પર રશિયન બંદૂક થકી એક બાદ એક ગોળીઓ વિંધનાર શાર્પ શૂટર્સની દિલ્હી પોલીસે ધરપકડ કરી લીધી છે.

દિલ્હી પોલીસની સ્પેશયલ સેલે આ બંને આરોપીની ગુજરાતના મુંદ્રાથી ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલા શૂટર્સમાંથી એક શૂટર્સનું નામ પ્રિયવ્રત ફૌજી છે. ૨૬ વર્ષનો પ્રિયવ્રત ફૌજી હરિયાણાનો સોનીપત જીલ્લાના ગઢી સિસાનાનો રહેવાસી છે. આ શૂટર્સ ફતેહાબાદ પેટ્રોલ પંપ પરના સીસીટીવીમાં દેખાયા હતા. ફૌજી હરિયાણાનો એક કુખ્યાત ગેંગસ્ટર પણ છે. ફૌજી હરિયાણાનો એક કુખ્યાત ગેંગસ્ટર પણ છે. ફૌજી અન્ય બે હત્યાના કેસમાં પણ સંડોવાયેલો હતો અને ૨૦૧૫માં સોનીપતમાં હત્યાના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. તે ૨૦૨૧માં સોનીપતમાં અન્ય એક હત્યા કેસમાં પણ વોન્ટેડ હતો.

અન્ય શૂટરની ઓળખ કશિશ કુલદીપ તરીકે થઈ હતી. તે એક શાર્પશૂટર પણ છે અને તે જ સીસીટીવી કેમેરામાં કેદ પણ થયો હતો, જેમાં ફૌજી જોવા મળ્યો હતો. ૨૪ વર્ષીય શૂટર ૨૦૨૧માં હરિયાણાના ઝજ્જરમાં અન્ય એક હત્યામાં વોન્ટેડ હતો.

રાજ્યમાં છેલ્લા ૧૫ જ દિવસમાં કોરોનાના કેસ ૪ ગણા વધ્યા : ઓમિક્રોનનો પેટા વેરિયન્ટ BA.2.38 જવાબદાર

રવિવારના રોજ પણ રાજ્યમાં ૨૪૪ કેસ નોંધાયા હતા જે પાછલા ૧૪૪ દિવસમાં સૌથી મોટો આંકડો છે

અમદાવાદ,તા.૨૦

ગુજરાત ભરમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ૨૧મી મેથી ૪ જૂન સુધી રાજ્યમાં કોવિડ ૧૯ કેસની સંખ્યા ૫૨૯ હતી, જ્યારે ૫ જૂનથી ૧૯ જૂન સુધી આ સંખ્યા વધીને ૨૨૪૯ થઈ ગઈ છે. રવિવારના રોજ રાજ્યમાં પાછલા ૧૪૪ દિવસમાં સૌથી વધારે કેસ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે ૧૯મી જૂન રવિવારના રોજ ૨૪૪ કેસ નોંધાયા હતા. નિષ્ણાંતોનું કહેવું છે કે, ઓમિક્રોનના પેટા વેરિયન્ટ BA.2.38ને કારણે કેસમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના ડેટા અનુસાર, ગત મહિનામાં કોરોનાના ૪૩૧ દર્દીઓનું સંપૂર્ણ જીનોમિક સિક્વન્સિંગ કરવામાં આવ્યું. આમાંથી ૨૨૩ એટલે કે ૫૨ ટકા દર્દીઓમાં BA.2.38 જોવા મળ્યુ હતું. તમને જણાવી દઈએ કે સૌપ્રથમ મે મહિનામાં BA.2.38 સબ વેરિયન્ટનો કેસ નોંધાયો હતો. જૂન મહિનામાં તેનું સંક્રમણ વધી ગયુ હતું. મે સુધીમાં તો આ પેટા વેરિયન્ટ ભારતમાં તેમજ દુનિયાના અન્ય દેશોમાં પગપેસારો કરી ચૂક્યો હતો. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રમાં પણ BA.2.38 વેરિયન્ટના કેસ ઝડપથી વધી રહ્યા છે. અને ઓમિક્રોનના આ જ પેટા વેરિયન્ટને કારણે દૈનિક કેસની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર આ પેટા વેરિયન્ટની હાજરી દિલ્હી અને કેરળમાં પણ છે. ગુજરાતમાં GBRC દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણ અનુસાર, સાત નમૂનાઓમાંથી મ્છ૭.૫ તેમજ અન્ય ૩ દર્દીઓમાંથી BA.4 વેરિયન્ટ મળી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે યૂરોપના દેશોમાં આ વેરિયન્ટને કોરોનાના કેસમાં વધારો થવા પાછળનું કારણ માનવામાં આવે છે.

રાજ્યમાં કોરોનાના નવા ૨૧૭ કેસ નોંધાયા : ૧૩૦ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં કોરોનાના આજે નવા ૨૧૭ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૩૦ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૫,૪૫૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૯૯ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૪૫,૭૬૯ રસીના ડોઝ અપાયા હતા. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૪૬૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે.

રાજ્યના કેટલાક જિલ્લામાં વિદ્યાર્થીઓને ફરજિયાત માસ્ક પહેરવા આદેશ કરાયો

રાજકોટ, તા.૨૦

ભારતની સાથે ગુજરાતમાં પણ કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને ભીડભાડવાળી જગ્યાઓએથી સૌથી વધુ કેસ પકડાઈ રહ્યાં છે તેથી સરકાર અને સ્વાસ્થ્ય વિભાગો દ્વારા માસ્ક અવશ્ય પહેરવાનું સૂચન કરાયું છે પરંતુ હવે ગુજરાતની આ જિલ્લા અને શહેરમાં વિદ્યાર્થીઓને માસ્ક ફરજિયાત પહેરવા આદેશ કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીએ કોરોના કેસ વધતા ઝડપી નિર્ણય કર્યો છે. આદેશ અનુસાર વિદ્યાર્થીઓ શાળામાં ફરજિયાત માસ્ક પહેરીને જ આવવા સૂચન કરાયું છે.

વાપીમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ

સુરતમાં વરસાદના લીધે તાપીમાં નવા નીર આવ્યા : સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતથી વરસાદ આગળ વધી રહ્યો છે, રાજ્યના દક્ષિણ ભાગ-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના

સુરત, તા.૨૦

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ થવાની સંભાવના છે, આવામાં સુરતમાં છેલ્લા બે દિવસથી થઈ રહેલા વરસાદના લીધે તાપી નદીમાં નવા નીર આવ્યા છે. ઉપરવાસમાં થયેલા વરસાદના લીધી નદીનું સ્તર ઊંચું આવ્યું છે અને અન્ય જળાશયોમાં પણ પાણીની આવક થઈ છે. આ તરફ વલસાડ, તાપી અને સૌરાષ્ટ્રના અમરેલીમાં પણ ભારે વરસાદ થયો છે. સુરતના કામરેજ, બરડોલી અને ઓલપાડમાં વરસાદ થતા પ્રિ-મોનસુન કામગીરીની પોલ ખુલી ગઈ છે. વલસાડમાં ભારે વરસાદ થતા પાણી ભરાઈ જવાની અને ઝાડ પડવાની ઘટનાઓ પણ બની છે.

રિપોર્ટ્સ મુજબ સુરતના કિમ, ઓલપાડ, કોસંબા સહિત કામરેજ, વીઆઈપી રોડ, વેસુ રોડ પર પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. કેટલીક જગ્યાઓ પર થયેલા તોફાની ઝાપટાં પછી પાણી ભરાઈ ગયા હતા અને પ્રિ-મોનસુન કામગીરીની વહીવટી તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ હતી. રસ્તા પરથી કેટલીક જગ્યાઓ પરથી પાણી ગટરમાં ના જતા ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. રસ્તા પર પાણી ભરાઈ જતા તે સોસાયટીઓમાં ઘૂસી જતા લોકોએ પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આ તરફ વલસાડમાં ગાજવીજ સાથે વરસાદ થયો છે. જેમાં સતત બે દિવસથી વરસાદ થઈ રહ્યો છે, ઔદ્યોગિક નગરી વાપીમાં પણ વરસાદ થતા ઠેરઠેર પાણી ભરાયા હતા. વાપીમાં બે કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હોવાના સ્થાનિક મીડિયા રિપોર્ટ્સના અહેવાલ છે. રોડની સાથે અંડરપાસમાં પણ પાણી ભરાતા વાહનચાલકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

રાજનાથસિંહને ભાવનગરના યુવાને લોહીથી પત્ર લખ્યો

શૂન્ય વેતનથી સેનામાં જોડાવવાની ઇચ્છા કરી વ્યક્ત

ભાવનગર,તા.૨૦

આખા દેશમાં અનેક રાજ્યોમાં કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજાનાના કારણે બંધનું એલાન પણ કરવામાં આવ્યું છે. જોકે, ગુજરાતમાં નહીંવત અસરની સંભાવના સેવાઇ રહી છે. ત્યારે ભાવનગરના ૨૩ વર્ષના દિપક ડાંગરે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહને પોતાના લોહીથી પત્ર લખ્યો છે. જેમા યુવાને શૂન્ય વેતન સાથે સેનામાં જોડાઈને દેશ સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ સાથે હાલ સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડી રહેલા છાત્રોને પણ આવો હિંસક વિરોધ બંધ કરવા અપીલ કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ભાવનગર જિલ્લાના ટીમાણા ગામના વતની અને હાલ દયાપરમાં રહેતા ૨૩ વર્ષીય યુવાન દિપક ડાંગરે કેન્દ્રીય રક્ષામંત્રીને પોતાના લોહીથી લખેલા પત્રમાં શૂન્ય વેતન સાથે સેનામાં જોડાઈને દેશ સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ સાથે હાલ સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડી રહેલા છાત્રોને પણ હિંસક વિરોધ બંધ કરવા અપીલ કરી છે. ટીમાણા ગામના વતની દિપક ડાંગરે વાત કરતાં કહ્યું હતું કે, હાલ કચ્છ યુનિવર્સિટીમાં એમએસડબ્લ્યુમાં અભ્યાસની સાથે સેવાકીય પ્રવૃત્તિ કરે છે.

ગીર-સોમનાથ અને નવસારીના ગણદેવી, ચીખલીમાં વરસાદ પડ્યો

વહેલી સવારથી નવસારી જિલ્લામાં છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે

અમદાવાદ,તા.૨૦

આજે (૨૦ જૂન) હવામાન વિભાગે રાજ્યના ૧૪ જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓ સામેલ છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે સવારે ગીર-સોમનાથ અને નવસારીમાં વરસાદ પડ્યો છે. બીજી તરફ સુરત જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે આજે સવારે ગીરના દરિયાકાંઠાના વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો છે. આજે વહેલી સવારથી જ દરિયાકાંઠાના નજીકના ગામોમાં વરસાદી ઝાંપટાં પડ્યા છે. વરસાદને પગલે લોકોએ ગરમીથી રાહત મેળવી છે. જોકે, ખેડૂતો હજુ સારી વરસાદની રાજ જોઈ રહ્યા છે. સોમવારે વહેલી સવારથી નવસારી જિલ્લામાં છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. નવસારીના ગણદેવી, ચીખલી તાલુકામાં વરસાદ પડ્યો છે. જિલ્લામાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે મેઘરાજાની વિધિવત પધરામણી થઈ છે. છેલ્લા ઘણા સમયથી છૂટો છવાયો વરસાદ વરસતો હતો, જેના પગલે લોકોને ગરમી અને બફારાથી રાહત મળી છે. જિલ્લામાં ધીમીધારે વરસાદ વરસવાની શરૂઆત થતા ખેડૂતોમાં ખુશીની લહેરી દોડી ગઈ છે. સુરત જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે. જિલ્લાના તમામ તાલુકામાં વરસાદ પડ્યો છે. આજે હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતનાં વલસાડ અને નવસારીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે સૌરાષ્ટ્રના ૫ જિલ્લામાં પણ વરસાદની આગાહી છે. અમદાવાદ, મધ્ય ગુજરાતમાં પણ સમાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

સાવધાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વખતે સંવેદનશીલ બનેલ ગાંધીનગર અને કલોલ તાલુકામાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી એક ૩૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણી પંજાબથી પરત ફરી હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

આ ઉપરાંત કલોલ અર્બન-૨ વિસ્તારમાં આજે એક કેસ ૨૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ સઘન સર્વેલન્સની સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવેલ છે.

નવી લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબની માળખાગત સુવિધાઓ ઉભી થઇ શકી ન હોવાનો રોષ આજે પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. જયારે અગાઉ ગટર લાઈનની કામગીરીના અંતે પણ સ્થાનિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો હતો. જયારે આકરી ગરમીના દિવસોમાં પ્રતિવર્ષ પાણીની ઉઠતી પોકારને ડામવા માટે નળ સે જળ યોજના અન્વયે હવે ટુંકમાં જ કામગીરી પુર્ણ કરી દેવા માટે પણ તંત્રએ તૈયારી કરી દીધી છે. જેના લીધે આગામી ઉનાળા સુધીમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે તેવી પણ આશા બંધાઈ છે.

મિશ્ર પ્રતિસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખતા આજે તકેદારીના ભાગરુપે ૧૮૧ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનો તેમજ ૩૪૮ પેસેન્જર ટ્રેનોને રદ્દ કરી દેવાઈ છે, જ્યારે ૪ મેઈલ એક્સપ્રેસ અને ૬ પેસેન્જર ટ્રેનોને આંશિક રીતે રદ્દ કરાઈ છે, તો ચેન્નઈ ડિવિઝનમાં પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ આજે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આજે દિલ્હી, પંજાબ, યુપી તેમજ બિહાર જેવા સંવેદનશીલ રાજ્યોના રેલવે સ્ટેશનો પર પોલીસનો વધારાનો બંદોબસ્ત પણ ખડકી દેવામાં આવ્યો હતો. જોકે, ભારત બંધની આજે ક્યાંય ખાસ અસર જોવા નથી મળી રહી. મોટાભાગના રાજ્યોમાં જનજીવન રાબેતા મુજબ જ ચાલી રહ્યું છે, તેમજ સરકારી ઓફિસો પણ ખૂલ્લી જ છે.બીજી તરફ, કોંગ્રેસે અગ્નિપથ યોજનાને પાછી ખેંચી લેવાની માગ કરી છે. પક્ષના નેતા અજય માકને જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા આજે દિલ્હીના જંતરમંતર પર સત્યાગ્રહ કરવામાં આવશે, અને સાંજે પાંચ વાગ્યે કોંગ્રેસના નેતા રાષ્ટ્રપતિને મળીને આ યોજના પાછી ખેંચી લેવાની માગ કરશે. કોંગ્રેસે એવી પણ માગ કરી હતી કે આવી કોઈ યોજના લાવતા પહેલા યુવાનો સાથે તેના પર વાત કરવી જોઈએ તેમજ પાર્લામેન્ટમાં પણ તેના પર ચર્ચા થવી જોઈએ. કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદે આ યોજનાનો વિરોધ કરતા કહ્યું હતું કે તેનાથી સશસ્ત્રદળોની પ્રકૃતિ પર સવાલ સર્જાયો છે, આ સમગ્ર મુદ્દો ખૂબ જ ચિંતાજનક છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા અગ્નિવીર જેવા રુપકડાં નામ આપીને ભાજપ દ્વારા લોકોને મૂર્ખ બનાવાઈ રહ્યા છે.કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના, સરકારે આપ્યા દરેક સવાલના જવાબઉલ્લેખનીય છે કે, અગ્નિપથ યોજનાનો મોટાપાયે વિરોધ થઈ રહ્યો હોવા છતાંય કેન્દ્ર સરકાર તેના પર મક્કમ છે. એટલું જ નહીં, નવી યોજના હેઠળ અગ્નિવીરોની ભરતી કરવાની પ્રક્રિયા પણ શરુ કરી દેવામાં આવી છે. જેના હેઠળ ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષના યુવાનો આર્મીમાં ચાર વર્ષ માટે ભરતી થઈ શકે છે. કોરોનાકાળ દરમિયાન ભરતી ના થઈ શકી હોવાથી સરકારે અગ્નિપથમાં ઉપલી વય મર્યાદામાં બે વર્ષની વૃદ્ધિ પણ કરી છે. અગ્નિવીરનો પગાર ૩૦ હજાર રુપિયાથી શરુ થશે. તેમને છ મહિનાની ટ્રેનિંગ અપાશે તેમજ વર્ષ દરમિયાન ૩૦ દિવસ રજા પણ મળશે. સર્વિસ પૂરી થવા પર ૨૫ ટકા અગ્નિવીરોને સૈન્યમાં સર્વિસ ચાલુ રાખવાનો વિકલ્પ અપાશે. જે લોકો નિવૃત્ત થવા માગતા હોય તેમને ૧૧ લાખથી પણ વધુ ટેક્સ ફ્રી રકમ અપાશે.

રજિસ્ટ્રેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગાર અને ભથ્થુ, બીજા વર્ષે ૩૩,૦૦૦ પગાર અને ભથ્થુ, ત્રીજા વર્ષે ૩૬,૫૦૦ પગાર અને ભથ્થુ તથા છેલ્લા વર્ષે ૪૦,૦૦૦ પગાર અને ભથ્થુ આપવામાં આવશે.

પદાનુસાર નિર્ધારિત યોગ્યતાઃ જનરલ ડ્યુટી પદ પર ભરતી માટે ઉમેદવારોએ ધોરણ ૧૦માં ૪૫ ટકા સાથે પાસ હોવુ જરૂરી છે.

- ટેકનિકલ એવિએશન અને એમ્યુનેશન પદ માટે ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ અને ઈંગ્લિશ વિષયમાં ૫૦ ટકા સાથે ૧૨ મુ પાસ હોવુ જરૂરી છે.
- ક્લાર્ક/સ્ટોરકીપર પદ માટે ઉમેદવારોએ કોઈ પણ સ્ટ્રીમમાં ૬૦ ટકા સાથે ૧૨ મુ પાસ હોવુ જરૂરી છે. અંગ્રેજી તથા મેથ્સમાં ૫૦ ટકા હોવા જરૂરી છે.
- ટ્રેડ્સમેનના પદ પર ૧૦ અને ૮ મા ધોરણ પાસની અલગ-અલગ ભરતી કરવામાં આવશે. તમામ વિષયોમાં ૩૩ ટકા હોવા અનિવાર્ય છે.
- તમામ પદ માટે નિર્ધારિત વય મર્યાદા ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષ નિર્ધારિત છે.

ચાર વર્ષની સર્વિસ પૂરી થયા બાદ અગ્નિવીરોને સર્વિસ ફંડ પેકેજ, અગ્નિવીર સ્કિલ સર્ટિફિકેટ અને ધોરણ ૧૨ના સમકક્ષ યોગ્યતા સર્ટિફિકેટ પણ મળશે. જે ઉમેદવાર ૧૦ મુ ધોરણ પાસ છે તેમને ૪ વર્ષ બાદ ધોરણ ૧૨ ના સમકક્ષ પાસ સર્ટિફિકેટ પણ મળશે જેની સંપૂર્ણ જાણકારી બાદમાં જાહેર કરવામાં આવશે.

તમામ પદ પર ભરતી માટે એનસીસી એ સર્ટિફિકેટ ધારકોને ૦૫ બોનસ માર્ક્સ મળશે. એનસીસી બી સર્ટિફિકેટ ધારકોને ૧૦ બોનસ માર્ક્સ મળશે જ્યારે એનસીસી સી સર્ટિફિકેટ ધારકોને ૧૫ બોનસ માર્ક્સ મળશે. અગ્નિવીર જનરલ ડ્યુટી અને ક્લાર્ક/સ્ટોરકીપર પદ માટે એનસીસી સી સર્ટિફિકેટ ધારકોને સીઈ(કોમન એન્ટ્રસ એક્ઝામ) માંથી છુટ મળશે.